## પ્રહલાદ જોશીએ શિક્ષણ મંત્રી તરીકે પદભાર સંભાળ્યો



નવી દિલ્હી, તા.26 (PTI) નવનિયુક્ત કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ પદભાર સંભાળી લીધો છે. એમ રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું. શનિવારે ધર્મેન્દ્ર પ્રધાને આ પદ પરથી રાજીનામું આપ્યા બાદ જોશીની શિક્ષણ મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જોશીને ગ્રાહક બાબતોના મંત્રી તરીકેની તેમની ભૂમિકા ઉપરાંત શિક્ષણ મંત્રાલયનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. નીટ પેપર લીક વિવાદ અંગે તેમને પદ પરથી હટાવવાની માંગ સાથે દેશભરમાં કોકરોચ જનતા પાર્ટીની આગેવાની હેઠળ થયેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ પ્રધાને શનિવારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

# ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પરના હુમલાઓ સ્થગિત કર્યા

**રાજદ્વારી** મંત્રણાઓ પર ફરીથી ભાર આપવામાં આવ્યો, જો કે જરૂર પડ્યે નવા હુમલા માટે અમેરિકા તૈયાર

**પેટ્રિયટ** મિસાઇલનો સ્ટોક ખલાસ થઇ રહ્યો હોવાની ચિંતા પણ કારણભૂત ગણાવાય છે

**ઉપપ્રમુખ** વાન્સ સહિત કેટલાક અમેરિકી નેતાઓએ મામલો વણસવાની ચેતવણી આપી હતી

વૉશિંગ્ટન, તા. ૨૬: અમેરિકી પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે સતત 13 દિવસ સુધી ચાલેલા હુમલા બાદ ઈરાન પરના અમેરિકી હુમલાઓ સ્થગિત કરી દીધા છે. અનેક અમેરિકી મીડિયા અહેવાલો અનુસાર, અધિકારીઓએ આ પાછળ કૂટનીતિક ગતિવિધિઓ, અમેરિકાના મિસાઈલ-ડિફેન્સ સ્ટોકમાં થઈ રહેલા ઘટાડા અંગેની ચિંતા અને વધતા જતા સંઘર્ષના ડરને મુખ્ય કારણ ગણાવ્યા છે.

શુક્રવારે લેવાયેલા આ નિર્ણયથી છેલ્લા લગભગ બે અઠવાડિયાથી રોજ થઈ રહેલા અમેરિકી હુમલાઓમાં પ્રથમ વખત વિરામ આવ્યો છે. 'એક્સિઓસ'ના અહેવાલ મુજબ, ટ્રમ્પે નવો સ્ટ્રાઈક પ્લાન મળ્યો હોવા છતાં મિલિટરીને નવા હુમલા ન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ નિર્ણય દર્શાવે છે કે જો જરૂર પડે તો લશ્કરી કામગીરી ફરી શરૂ કરવા માટે અમેરિકા તૈયાર છે, પરંતુ હાલ તેમનો ઝુકાવ વાટાઘાટો તરફ વધી રહ્યો છે. વાયટ હાઉસે ટ્રમ્પના આ નિર્ણય પર કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. જો કે, વાયટ હાઉસના કમ્યુનિકેશન્સ ડિરેક્ટર સ્ટીવન ચ્યુંગે જણાવ્યું હતું કે ટ્રમ્પ હંમેશા કૂટનીતિક ઉકેલની તરફેણ કરે છે, પરંતુ જો ઈરાન હોર્મુઝની સમુદ્રધૂનીમાં અથવા અમેરિકી સહયોગી દેશો પર હુમલા ચાલુ રાખશે તો તમામ મિલિટરી વિકલ્પો ખુલ્લા રાખવામાં આવશે.


'એક્સિઓસ' અનુસાર, ટ્રમ્પ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે એક મોટું યુદ્ધ છેડ્યા વિના હાલની લશ્કરી કામગીરી તેની મહત્તમ મર્યાદા સુધી પહોંચી ગઈ છે. સૂત્રોએ પબ્લિકેશનને જણાવ્યું કે રાષ્ટ્રપતિ કૂટનીતિ માટે વધુ જગ્યા બનાવવા માંગતા હતા, જ્યારે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો ટૂંકી નોટિસ પર ફરીથી હુમલા શરૂ કરવાનો વિકલ્પ પણ ખુલ્લો રાખવા માગતા હતા. શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકા હજુ પણ સંપૂર્ણ સજ્જ છે, પરંતુ તેઓ માને છે કે ઈરાન સાથે કરાર કરવો એ વધુ સમજુ વ્યૂહરચના છે.

### હોર્મુઝમાં એક તેલ ટેન્કર દરિયાઇ સુરંગ સાથે અથડાયું, આગ લાગી

હોર્મુઝની સમુદ્રધૂનીમાં એક તેલ ટેન્કર દરિયાઈ માઈન સુરંગ સાથે અથડાયું, જેના પછી તેમાં આગ લાગી ગઈ હતી. ઇરાન યુદ્ધ શરૂ થયું તે પછી આવો આ પહેલો બનાવ છે. ઈરાની ન્યૂઝ એજન્સી તસ્નીમના જણાવ્યા અનુસાર, આ ટેન્કર તેહરાન દ્વારા નક્કી કરવામાં આવેલા દરિયાઈ માર્ગ સિવાયના અલગ રસ્તે જઈ રહ્યું હતું, જેના કારણે તે દરિયાઈ સુરંગ સાથે અથડાઈ ગયું. ઈરાન પહેલા પણ ઘણી વખત ચેતવણી આપી ચૂક્યું છે કે જો કોઈ જહાજ તેના દ્વારા નક્કી કરાયેલા માર્ગ પરથી ભટકીને ચાલશે, તો તેના પરિણામની જવાબદારી જે તે જહાજની પોતાની રહેશે. હાલમાં આ ઘટના અંગે ઈરાની અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. નુકસાન કે જાનહાનિ અંગે પણ હજુ સુધી કોઈ પષ્ટતા થઈ નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાને આ દરિયાઈ બોમ્બ બિછાવ્યા હતા, જેને સીઝફાયર પછી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હટાવવાનો આદેશ આપ્યો હતો અને અમેરિકી લશ્કર તે ખસેડી રહ્યું હતું છતાં આ બનાવ બન્યો છે જે સૂચવે છે કે હજી પણ કેટલીક સુરંગો રહી ગઇ છે.

# યુએસ-રશિયન અવકાશ યાત્રીઓનું કઝાકિસ્તાનમાં સુરક્ષિત ઉતરાણ

**નાસાના** ક્રિસ વિલિયમ્સ સહિત ત્રણ અવકાશયાત્રીઓ 241 દિવસ પછી પૃથ્વી પર પાછા ફર્યા



મોસ્કો, તા. 26 (AP): આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઈએસએસ) પર આઠ મહિનાના સમયગાળા પછી રવિવારે એક અમેરિકન-રશિયન અવકાશયાત્રીઓની ટુકડી કઝાકિસ્તાનના મેદાનમાં સલામત રીતે ઊતરી હતી. નાસાના અવકાશયાત્રી ક્રિસ વિલિયમ્સ અને રશિયન ક્રૂમેટ્સ સેર્ગેઈ કુડ-સ્વેર્ચકોવ અને સેર્ગેઈ મિકાએવ તેમના સોયૂઝ એમએસ-28માં સવાર થઈને લેન્ડ થયા હતા, જે ઝેઝકાઝગનના દક્ષિણપૂર્વમાં, કઝાકિસ્તાનના સપાટ ઘાસના મેદાનમાં પેરાશૂટ દ્વારા સરળતાથી ઊતર્યું હતું.

ભ્રમણકક્ષા પોસ્ટ પર તેમનો 241 દિવસનો સમયગાળો વિલિયમ્સ અને મિકાએવ માટે પ્રથમ સ્પેસ મિશન હતું અને કુડ-સ્વેર્ચકોવ માટે આ બીજું મિશન હતું. ત્રણેયને 27 નવેમ્બર, 2025 ના રોજ બાયકોનુરથી એકસાથે લોન્ચ કરવામાં આવ્યા હતા અને ત્રણેય 241 દિવસ રહીને પૃથ્વીની આસપાસ 3,856 વખત પરિભ્રમણ કર્યું અને 102 મિલિયન માઈલથી વધુ મુસાફરી કરી.

## બ્રાઝિલ સરકારે યુએસ અધિકારીઓને વિઝા આપવાનું નકાર્યુ

સાઓ પાઉલો, તા. 26 (AP): બ્રાઝિલના વિદેશ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, તેણે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના બે અધિકારીઓને વિઝા આપવાનો ઇનકાર કરી દીધો છે, જેઓ આવતા સપ્તાહે દક્ષિણ અમેરિકી દેશની મુલાકાત લેવા માગતા હતા. બંને દેશો વચ્ચેના રાજકીય તણાવમાં આ એક નવો વળાંક છે. બ્રાઝિલ સરકારે જણાવ્યું હતું કે, આ અધિકારીઓ–આસિસ્ટન્ટ સેક્રેટરી રાઇલી એમ. બાર્ન્સ અને ડેપ્યુટી આસિસ્ટન્ટ સેમુઅલ સેમસન–બ્રાઝિલમાં ઓક્ટોબરમાં યોજાનારી આગામી ચૂંટણીઓ પર શંકા ઉપજાવવા માગતા હતા.

## નીટ પેપર લીક અંગે બિહાર બંધને સમર્થન આપવા બદલ તેજ પ્રતાપ જેલમાં

પટના, તા. 26 (PTI) વિદ્યાર્થી સંગઠનો દ્વારા નીટ પેપર લીકના વિરોધમાં એક દિવસ પહેલા બોલાવવામાં આવેલા રાજ્યવ્યાપી બંધનો અમલ કરાવવાનો પ્રયાસ કરવા બદલ બિહારના પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવને રવિવારે જેલમાં મોકલી દેવામાં આવ્યા હોવાનો દાવો તેમના વકીલે કર્યો છે.તેજ પ્રતાપના વકીલે દાવો કર્યો હતો કે, આ કથિત ગેરકાયદે અટકાયતના કારણે તેમનાથી અલગ થયેલા નાના ભાઈ અને આરજેડીના કાર્યકારી અધ્યક્ષ તેજસ્વી યાદવ તેમના સમર્થનમાં આગળ આવ્યા છે.

## મહારાષ્ટ્રના ધારાશિવમાં શેરડી કાપણીના પેમેન્ટના વિવાદમાં સગીરનું અપહરણ

ધારાશિવ, તા. ૨૬ (પીટીઆઇ): ધારાશિવ જિલ્લામાં શેરડી કાપણીના કામ માટે આપવામાં આવેલી એડવાન્સ રકમ સંબંધિત વિવાદને પગલે ૧૬ વર્ષના એક કિશોરનું કથિત રીતે અપહરણ કરીને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો, જે બાદ એક મજૂર કોન્ટ્રાક્ટર સહિત ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. એમ એક પોલીસ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મજૂર કોન્ટ્રાક્ટર સ્વપ્નિલ પારેકર અને તેના સહયોગીઓ દિલીપ ગોવિંદ કાલે, મચ્છિંદ્ર ગોવિંદ કાલે અને અર્ચનાબાઈ દિલીપ કાલેએ સચિન સુનીલ કાલેને રસ્તામાં રોક્યો હતો અને માગ કરી હતી કે તેનો પરિવાર કાં તો શેરડીની કાપણી માટે લીધેલું એડવાન્સ પાછું આપે અથવા કામ પર હાજર થાય.

## નાટોના સૈન્ય હેડક્વાર્ટરમાં જાસૂસીની શંકાથી બેલ્જિયમમાં ઇન્ટર્નની ધરપકડ

બ્રસેલ્સ, તા. 26 (AP): નાટો સૈન્ય ગઠબંધનના ઓપરેશનલ હેડક્વાર્ટરમાં ઇન્ટર્ન તરીકે કામ કરી રહેલી એક કેનેડિયન મહિલાની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. બેલ્જિયમના ફેડરલ પ્રોસિક્યુટર ઓફિસે જણાવ્યું હતું કે, નાટોની સુરક્ષા સેવાઓએ બેલ્જિયમની મિલિટરી ઇન્ટેલિજન્સને બાતમી આપ્યા બાદ તેણે જાસૂસીની તપાસ શરૂ કરી હતી. ગુરુવારે નાટોના વિશાળ કમાન્ડ સેન્ટરની અંદર શંકાસ્પદના ઘર અને કાર્યસ્થળ પર દરોડા પાડ્યાના એક દિવસ પછી શુક્રવારે ચીની મૂળની કેનેડિયન નાગરિકની અટકાયત કરી હતી.




### કરણ કુંદ્રાએ ગર્લફ્રેન્ડ તેજસ્વીને મોરિશિયસમાં સમુદ્રમાં અંડર વોટર પ્રપોઝ કર્યું



મુંબઈ, તા. 26 : ટીવીના લોકપ્રિય કપલ કરણ કુંદ્રા અને તેજસ્વી પ્રકાશે ફરી એકવાર પોતાની રોમેન્ટિક ક્ષણથી લોકોના દિલ જીતી લીધા છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. મોરિશિયસમાં પોતાના તાજેતરના વેકેશન દરમિયાન સ્કુબા ડાઇવિંગ કરતી વખતે, કરણ અને તેજસ્વીએ પાણીની અંદરની અદ્દભૂત દુનિયા જોઈ અને પછી એક મીઠી ક્ષણ શેર કરી. તેમણે પહેલા પોતાના હાથ વડે હૃદયનો આકાર બનાવ્યો, એક પણ શબ્દ બોલ્યા વગર એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો. ત્યારબાદ જે બન્યું તેનાથી બધાને આશ્ચર્ય થયું. તે પછી કરણ પાણીની અંદર એક ઘૂંટણિયે બેસીને તેજસ્વીને પ્રપોઝ કરીને તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. કરણે ઇશારાથી આઈ લવ યપમ કહ્યું અને તેજસ્વીએ સ્મિત સાથે જવાબ આપ્યો.

### CJP વિરોધ પ્રદર્શનને ગુંડાઓ-રાજકીય પક્ષોએ હાઇજેક કર્યું હતું : રવીના ટંડન



મુંબઈ, તા. 26 : નીટ પેપર લીક મામલાને લઈને દેશભરમાં ઠેર-ઠેર થયેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર હવે એક્ટ્રેસ રવીના ટંડને ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખીને પ્રતિક્રિયા આપી છે. રવીનાએ મિઝોરમમાં થયેલા શાંતિપૂર્ણ પ્રદર્શનના વખાણ કર્યા, તો બીજી તરફ એ કહેતા ચિંતા વ્યક્ત કરી કે કેટલીક જગ્યાએ પ્રદર્શનને ગુંડાઓ અને રાજકીય પક્ષોએ હાઇજેક કરી લીધું હતું, તો કેટલીક જગ્યાએ લોકો માત્ર રીલ બનાવવા પહોંચ્યા હતા. જોકે, એક્ટ્રેસે એ વાતની ખુશી વ્યક્ત કરી કે, હવે અવાજ સાંભળવામાં આવી રહ્યો છે. આનાથી તેમને અને દેશની જનતાને એક આશા જાગી છે.

### પ્રિયંકા ચોપરા વારાણસી શૂટ માટે નિક અને માલતી સાથે હૈદરાબાદ પહોંચી



હૈદરાબાદ, તા.26 : અભિનેત્રી પ્રિયંકા ચોપરા રવિવારે તેના પતિઅને ગાયક નિક જોનાસ અને તેમની પુત્રી માલતી મેરી સાથે હૈદરાબાદ પહોંચી હતી. એક પેપરાઝી પેજ દ્વારા શેર કરવામાં આવ્યા બાદ પરિવારનો એરપોર્ટની બહાર નીકળતો એક વીડિયો ઓનલાઇન સામે આવ્યો છે. ૪૪ વર્ષીય અભિનેત્રીએ પોતે શહેર કેમ આવી છે તે અંગે કંઈ કહ્યું નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે તે એસએસ રાજામૌલીની ફિલ્મ' વારાણસી'નું શૂટિંગ ચાલુ રાખવા માટે પરત ફરી છે. આ પ્રોજેક્ટમાં પ્રિયંકાની સાથે મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે અને તે ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની ધારણા છે.

### રણબીર કપૂરની 'રામાયણ'ના ટ્રેલરની વધુ ક્લિપ્સ લીક થઇ



મુંબઈ, તા. 26 : પ્રોમોમાંથી લેવામાં આવેલી કેટલીક ક્લિપ્સ ઓનલાઇન સામે આવ્યા બાદ' રામાયણ'ના પ્રથમ પૂર્ણ ટ્રેલરની રાહ જોઈ રહેલા ચાહકો માટે પરિસ્થિતિએ અણધાર્યો વળાંક લીધો છે. શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વધુ ફૂટેજ ફરવા લાગ્યા, જેમાં યુઝર્સે ઓછા રિઝોલ્યુશનવાળી ક્લિપ્સ શેર કરી અને ફિલ્મના સ્કેલ, વિઝ્યુઅલ્સ અને બેકગ્રાઉન્ડ સ્કોર પર પ્રતિક્રિયા આપી. મેકર્સે શરૂઆતમાં 24 જુલાઈ 20226ના રોજ ટ્રેલર લોન્ચ કરવાનું આયોજન કર્યું હતું, પરંતુ શિડ્યુલ લોન્ચના થોડા સમય પહેલાં જ જાહેર રિલીઝ મુલતવી રાખી હતી, જેના કારણે ચાહકો નવી તારીખની રાહ જોઈ રહ્યા છે.

# કારગિલ વિજય દિવસ ઉજવી ભારતે હુતાત્માઓને યાદ કર્યા

**સંરક્ષણ** મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને વખોડતા કહ્યું કે તેની સાથે હવે PoK સિવાય બીજા કોઇ મુદ્દે વાત થશે નહીં



દ્રાસ/નવી દિલ્હી, ૨૬ જુલાઈ (PTI): ભારતે રવિવારે ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં સશસ્ત્ર દળોના પરાક્રમને યાદ કર્યું હતું, જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આતંકવાદને પોતાની સરકારી નીતિનો ભાગ બનાવવા બદલ પાકિસ્તાનની ટીકા કરતા કહ્યું હતું કે, PoK (પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર) સિવાય આ દેશ સાથે અન્ય કોઈ મુદ્દે વાતચીત થશે નહીં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય મંત્રીઓ અને તમામ રાજકીય પક્ષોના નેતાઓએ યુદ્ધ દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનારા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૨૭મા કારગિલ વિજય દિવસ નિમિત્તે વિવિધ રાજ્યોમાં અને લડાખના દ્રાસ સ્થિત 'કારગિલ વોર મેમોરિયલ' ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ અદમ્ય યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, દેશ હંમેશાં તેમનો ઋણી રહેશે. તેમણે હિન્દીમાં X પર એક પોસ્ટમાં કહ્યું, તેમનું અપ્રતિમ શૌર્ય, અટલ સંકલ્પ અને અજોડ દેશભક્તિ આપણી સેનાની ગૌરવશાળી પરંપરાઓના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અત્યંત કઠિન પરિસ્થિતિઓ વચ્ચે પણ ભારતના વીર જવાનોનું શૌર્ય હંમેશા રાષ્ટ્રીય ગૌરવનો સ્રોત બની રહેશે.

# ભારતીય ચલણી નોટો પર મૂકેલા નિયંત્રણો નેપાળે હટાવ્યા

**હવે** ભારતની રૂ. ૨૦૦ અને રૂ. ૫૦૦ની નોટ નેપાળમાં લઇ જવાશે

**ભારતની** નોટબંધી પછી નેપાળ સરકારે ભારતની રૂ. ૧૦૦થી વધુ મૂલ્યની નોટો લાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો

**ભારતીય** ચલણ લાવવાની રૂ. ૨૫૦૦૦ની ટોચ મર્યાદા યથાવત

કાઠમંડુ, તા. 26(PTI): ભારતમાં 2016ના નોટબંધીના નિર્ણય બાદ લાદવામાં આવેલા વિદેશી ચલણ સંબંધિત લગભગ દસ વર્ષ જૂના નિયંત્રણોનો અંત લાવતા, નેપાળે હવે ભારતીય અને નેપાળી નાગરિકોને 200 અને 500ના મૂલ્યની ભારતીય ચલણી નોટો દેશમાં લાવવા અથવા બહાર લઈ જવાની મંજૂરી આપી દીધી છે. અગાઉ માત્ર 100 સુધીના મૂલ્યની નોટો જ લાવવા-લઈ જવાની પરવાનગી હતી.

નેપાળ રાષ્ટ્ર બેંક (NRB) એ ગુરુવારે ફરીથી બહાર પાડેલી એક નોટિસમાં જણાવ્યું હતું કે, પ્રવર્તમાન નિયમો અનુસાર, ભારતીય અને નેપાળી નાગરિકો 9 નવેમ્બર, 2016ના રોજ અથવા ત્યાર પછી જારી કરાયેલી 200 અને 500ના મૂલ્યની ભારતીય ચલણી નોટો પ્રતિ વ્યક્તિ મહત્તમ 25,000ની મર્યાદા સુધી સાથે રાખી શકે છે. આ નોટિસમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે નેપાળી નાગરિકો અને વિદેશી મુલાકાતીઓ કસ્ટમ્સ ડિક્લેરેશન કર્યા વગર 5,000 અમેરિકી ડોલર સુધી અથવા અન્ય વિદેશી ચલણમાં તેના જેટલી રકમ નેપાળમાં લાવી શકે છે. જો રકમ 5,000 ડોલરથી વધુ હોય, તો આગમન સમયે કસ્ટમ્સ વિભાગને તેની માહિતી આપવી ફરજિયાત રહેશે. ઉલ્લેખનીય છે કે ભારતે 8 નવેમ્બર, 2016ના રોજ 500 અને 1,000ની ચલણી નોટો માટે નોટબંધી કરી હતી, જેના સ્થાને 500ની નવી ડિઝાઈનવાળી નોટો અને 2,000ની નવી નોટો બહાર પાડવામાં આવી હતી નોટબંધી પછી, નેપાળે 100થી વધુ મૂલ્યની ભારતીય નોટોના ઉપયોગ અને પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ધર્મેન્દ્ર પ્રધાને કરેલી પદ છોડવાની ઓફર બે વાર ફગાવાઈ હતી

નવી દિલ્હી, તા. ૨૬ : નીટ પેપર લીક વિવાદને લઈને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન શિક્ષણ મંત્રી પદેથી શનિવારે રાજીનામું આપનારા ધર્મેન્દ્ર પ્રધાને બે વાર પદ છોડવાની ઓફર કરી હતી, પરંતુ સરકારે તેમની બંને ઓફરો ફગાવી દીધી હતી અને તેના બદલે સિસ્ટમની ખામીઓ સુધારવા અને શિક્ષણ ક્ષેત્રે સુધારાઓ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. એમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૦ જુલાઈના રોજ વરિષ્ઠ મંત્રીઓની ઉચ્ચ સ્તરીય બેઠકમાં પ્રધાને ફરી એકવાર પદ છોડવાની ઓફર કરી હતી. તેમનું રાજીનામું ફરી એકવાર અસ્વીકાર કરવામાં આવ્યું હતું અને નેતૃત્વએ તેમને શિક્ષણ ક્ષેત્રે સુધારાઓનું નેતૃત્વ ચાલુ રાખવા જણાવ્યું હતું. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, નેતૃત્વનું માનવું હતું કે ''મંત્રીનું રાજીનામું એ સૌથી સરળ વિકલ્પ છે - તે જવાબદારીમાંથી ભાગી જવા જેવું છે. મોદી સરકાર સમસ્યાઓમાંથી ભાગવાને બદલે તેને ઉકેલવામાં વિશ્વાસ ધરાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) સાથે વાતચીતના બીજા રાઉન્ડ પછી સરકારના મૂલ્યાંકનમાં બદલાવ આવ્યો હતો.

# જર્મનીના બર્લિનમાં પ્રાઈડ પરેડમાં વાન ઘૂસી જતાં એકનું મોત, ૧૬ને ઈજા

**બર્લિનનો** પ્રખ્યાત LGBTQ સમુદાયનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે હુમલો કરાયો, કેટલાકને છરીના ઘા પણ કરાયા હોવાની શંકા

**એક** શકમંદની પોલીસે ઓળખ કરી, તે ઇસ્લામીક કટ્ટરપંથીઓ સાથે સંકળાયેલો છે, જો કે હજી સુધી તે પકડાયો નથી



બર્લિન, ૨૬ જુલાઈ (AP): શનિવારે રાત્રે બર્લિનના પ્રખ્યાત LGBTQ+ કાર્યક્રમ માટે એકઠા થયેલા લોકો પર એક વાન ફરી વળી હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે અને ઓછામાં ઓછા ૧૬ લોકો ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે પોલીસે જર્મન રાજધાનીમાં ઉજવણી અને સંગીત કાર્યક્રમ શરૂ થયાના થોડા જ કલાકોમાં રદ કરી દીધા હતા.

બર્લિન પોલીસે જણાવ્યું હતું કે તેમણે એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરી લીધી છે, જેની હજી સુધી ધરપકડ કરવામાં આવી નથી અને તે જર્મન રાજધાનીમાં ઈસ્લામિક કટ્ટરપંથીઓ સાથે સંબંધ ધરાવે છે. પોલીસ પ્રવક્તા ફ્લોરિયન નાથે જણાવ્યું હતું કે, શંકાસ્પદ વ્યક્તિ પોલીસ માટે જાણીતો છે. તે અહીં બર્લિનમાં ઈસ્લામિક જૂથોના સભ્ય તરીકે ઓળખાય છે, અને આ વ્યક્તિ માટે અમારી શોધખોળ પૂર્ણ ઝડપે ચાલી રહી છે. તેમણે શંકાસ્પદ વ્યક્તિનું નામ જાહેર કર્યું ન હતું.

અગાઉ, પોલીસે જણાવ્યું હતું કે કેટલાક પીડિતોને જીવન જોખમાય તેવી ગંભીર ઈજાઓ થઈ હતી. X(ટ્વિટર) પર એક પોસ્ટમાં, પોલીસે એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટરો પીડિતોની સારવાર કરી રહ્યા હોવાથી દરેકને તાત્કાલિક ઘટનાસ્થળ છોડી જવા અપીલ કરી હતી. બર્લિન પોલીસના X એકાઉન્ટ પર રજૂ કરાયેલા એક ટૂંકા વિડિયોમાં પોલીસ અધિકારી ફ્લોરિયન નાથે કહ્યું, અમે સંભવિત શંકાસ્પદો માટે સઘન શોધખોળ ચલાવી રહ્યા છીએ.

### આ ઇસ્લામી અંતિમવાદી હુમલો હોઇ શકે છે : જર્મન મંત્રી

બર્લિન, ૨૬ જુલાઈ (AP): બર્લિનના 'પ્રાઈડ ફેસ્ટિવલ' નજીક વેન ટકરાવવાની અને છરાબાજીની એક ઘટનામાં એક



વ્યક્તિનું મોત થતાં અને ઘણાં લોકો ઘાયલ થતાં, આ એક ઇસ્લામિક ઉગ્રવાદી આતંકવાદી હુમલો હોવાનું માનવામાં આવે છે, તેમ જર્મનીના આંતરિક બાબતોના મંત્રીએ રવિવારે જણાવ્યું હતું. શનિવારે રાત્રે થયેલા આ હુમલાનો શંકાસ્પદ આરોપી હજુ પણ ફરાર છે. અધિકારીઓએ અબ્દુલ બલ્લૌત નામના શંકાસ્પદ માટે લુકઆઉટ નોટિસ જાહેર કરી છે અને લોકોને તેની નજીક ન જવાની ચેતવણી આપી છે.

## રશિયા-યુક્રેનના સામસામા હુમલામાં કુલ છના મોત

કિવ, તા. ૨૬ (એપી): રવિવારે વહેલી સવારે રશિયન બેલિસ્ટિક મિસાઈલો કિવમાં ત્રાટકી હતી, જેના કારણે આગ લાગી હતી અને ઓછામાં ઓછા ત્રણ નાગરિકો ઘાયલ થયા હતા. જ્યારે યુક્રેનના અન્ય ભાગોમાં પાછળથી થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયાં હોવાનું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું. આ હુમલા એવા સમયે થયા છે જ્યારે રશિયાની અંદર વિસ્તૃત ઝુંબેશ હેઠળ યુક્રેનના સફળ ડ્રોન હુમલાઓએ રશિયન સેનાની આગળ વધવાની ગતિને રોકી દીધી છે, જેના કારણે બળતણની અછત સર્જાઈ છે અને રશિયન નેતા વ્લાદિમીર પુતિન પર દબાણ વધી રહ્યું છે. રશિયાના કબજા હેઠળના પૂર્વ યુક્રેનમાં ક્રેમલિન દ્વારા નિયુક્ત કરવામાં આવેલા સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, હોર્લિવકા શહેરમાં યુક્રેનિયન ડ્રોન હુમલામાં ચાર નાગરિકો માર્યા ગયા છે. શહેરના રશિયા તરફથી નિમાયેલા મેયર ઈવાન પ્રિખોડકોના જણાવ્યા અનુસાર, હોર્લિવકા શહેર પર રવિવારે વહેલી સવારથી જ હુમલા થઈ રહ્યા હતા.

# જાહેર જીવનમાં ઝંપલાવીને ભારત વિરોધી ધિક્કાર સામે લડો: અમેરિકી સાંસદો

**ભારતીય** મૂળના બે સાંસદોએ અમેરિકાના ભારતીય-અમેરિકન સમુદાયને કહ્યું કે વધુ ને વધુ પ્રમાણમાં જાહેર જીવનમાં પ્રવેશો

વોશિંગ્ટન, તા. 26(PTI): અમેરિકી સાંસદો શ્રી થાણેદાર અને રાજા કૃષ્ણમૂર્તિએ અમેરિકામાં ભારત-વિરોધી નફરત સામે લડવાનો સંકલ્પ લીધો હતો અને ભારતીય સમુદાયના લોકોને જાહેર પદ માટે ચૂંટણી લડીને નાગરિક જીવનમાં સક્રિય થવા અપીલ કરી હતી.

'ઈન્ડિયન અમેરિકન કમિટી' દ્વારા આયોજિત અમેરિકી સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણીને સંબોધતા ડેમોક્રેટ સાંસદ થાણેદારે કહ્યું કે કેટલાક લોકો અવારનવાર ભૂલી જાય છે કે અમેરિકા એ વસાહતીઓનો દેશ છે. શનિવારે સાંજે યોજાયેલા આ કાર્યક્રમમાં મિશિગનના સાંસદ થાણેદારે જણાવ્યું હતું કે, સમગ્ર અમેરિકામાં સ્થળાંતરિતો સામે આપણે જે નફરત જોઈ છે તે ચલાવી લેવાય નહીં. આપણે... આપણે એ માંગ કરવી જ પડશે કે આ મહાન દેશમાં સ્થળાંતરિતો, તેમની સંસ્કૃતિ અને તેમના યોગદાનનું દરરોજ સન્માન થાય. થાણેદારે વધુમાં ઉમેર્યું, બદલાવ લાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે આપણામાંથી વધુ ને વધુ લોકો જાહેર સેવામાં આવે અને પૂર્ણ ક્ષમતા તેમજ જ્ઞાન સાથે દેશની સેવા કરે. આપણને સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય એમ વિવિધ સ્તરે રાજકીય ક્ષેત્રે વધુ ભારતીય અમેરિકનોની જરૂર છે.

ઈલિનોઈસના સાંસદ કૃષ્ણમૂર્તિએ પણ અમેરિકાના કેટલાક ભાગોમાં વધી રહેલી ભારત-વિરોધી નફરત વિશે વાત કરી અને તેની સામે લડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

# નીરવ મોદી હજી પણ યુકેમાં હોવાથી સ્તબ્ધ છું : શેડો મંત્રી પ્રીતિ પટેલ

લંડન, તા. 26 (પીટીઆઈ) કોર્ટે પ્રથમ દર્શનીય કેસ સ્થાપિત કર્યા પછી એપ્રિલ 2021માં હોમ સેક્રેટરી તરીકે નીરવ મોદીના ભારત પ્રત્યાર્પણ ઓર્ડર પર હસ્તાક્ષર કરનાર બ્રિટિશ ભારતીય મંત્રી પ્રીતિ પટેલે જણાવ્યું છે કે, તે હજી પણ યુકેમાં છે તેનાથી તેઓ સ્તબ્ધ અને આઘાતગ્રસ્ત છે. કંઝર્વેટિવ વિપક્ષી બેંચ પર શેડો વિદેશ સચિવ તરીકે કાર્યરત પટેલે 'ધ ડેઈલી ટેલિગ્રાફ' પોડકાસ્ટના આવતા અઠવાડિયે રિલીઝ થનારા એપિસોડમાં જણાવ્યું હતું કે, દેશના સૌથી મોટા બેંકિંગ ફ્રોડમાંથી એકમાં વોન્ટેડ જ્વેલરનું પ્રત્યાર્પણ કરવામાં બ્રિટનની નિષ્ફળતાથી ભારતીય સત્તાવાળાઓ ખૂબ જ નારાજ હતા. 'પટેલે ટાંકીને જણાવ્યું છે કે, જો આપણી સિસ્ટમ ન્યાયી હોય અને પ્રક્રિયાઓ તથા બહાના હેઠળ બંધાવાને બદલે યોગ્ય કામ કરતી હો, તો તે આ દેશમાં ન હોવો જોઈએ.